આકાશવાણી ભુજ

સમાચાર વાચક : અશરફ નથવાણી

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-06-09-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

## ભારત – સિંગાપોર સમજૂતી કરાર

ભારત અને સિંગાપોર વચ્ચે આરોગ્ય અને દવાઓ, શિક્ષણ અને કૌશલ્ય વિકાસ, ડિજિટલ ટેકનોલોજી અને ભારત-સિંગાપોર સેમિ-કન્ડક્ટર ઇકો-સિસ્ટમ ભાગીદારી એમ ચાર ક્ષેત્રમાં સમજૂતી કરાર થયા છે.

બંને દેશો ભારતની એક્ટ ઇસ્ટ પૉલિસીને વધુ પ્રોત્સાહન આપવા માટે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી કરવા સંમત થયા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સિંગાપોરના તેમના સમકક્ષ લૉરેન્સ વૉન્ગ વચ્ચેની પ્રતિનિધિમંડળ સ્તરની બેઠક બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

બંને દેશના નેતાઓએ દ્વિપક્ષીય સંબંધોની પ્રગતિ અંગે સમીક્ષા કરી હતી અને બંને દેશો વચ્ચે વેપાર અને રોકાણનાં વધુ વિસ્તરણ માટે હાકલ કરી હતી. શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે, ભારતીય અર્થતંત્રમાં 160 અબજ ડોલરનાં રોકાણ સાથે સિંગાપોર ભારતનું અગ્રણી આર્થિક ભાગીદાર છે. બંને પ્રધાનમંત્રીઓએ સંરક્ષણ અને સલામતી, મેરિટાઇમ અંગેની જાગૃતિ, શિક્ષણ, એઆઇ, ફિનટેક, વિજ્ઞાન અને નવી ટેકનોલોજીનાં ક્ષેત્રમાં વર્તમાન સહકારની સમીક્ષા કરી હતી.

**RNU અમદાવાદ**

---

## રાષ્ટ્રપતિ- રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કાર

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ભારપૂર્વક જણાવ્યું છે કે, શિક્ષકો અને વાલીઓએ બાળકોને એવું શિક્ષણ આપવું જોઇએ કે તેઓ હંમેશા મહિલાઓની ગરિમાને અનુરુપ વ્યવહાર કરે. તેમણે ગઈકાલે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કાર સમારોહને સંબોધન કરી રહ્યા હતા. રાષ્ટ્રપતિએ શિક્ષણને સમાવેશી બનાવવા માટે શિક્ષકોની પ્રશંસા કરી. તેમણે જણાવ્યું કે, નવી શિક્ષણ નીતિમાં કૌશલ્ય વિકાસ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે, જેને પગલે બાળકોનો સર્વાંગી વિકાસ થશે. આ સમારોહમાં ગુજરાતનાં બે સહિત દેશભરનાં કુલ 82 શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા.

**RNU અમદાવાદ**

--------------------------------------------------------------------------------

## રાજયપાલ – રાજ્યના શ્રેષ્ઠ શિક્ષકો

રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે રાજ્યના 28 શિક્ષકોને 'શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક' અર્પણ કરાયા.

અમદાવાદમાં યોજાયેલા આ કાર્યક્રમમાં રાજ્યપાલે કહ્યું હતું કે, શ્રેષ્ઠ મનુષ્યના નિર્માણની જવાબદારી શિક્ષકની છે. શિક્ષકો સમર્પણભાવથી પ્રામાણિકતાપૂર્વક કર્તવ્યપાલન કરે તો સમાજમાં મોટું પરિવર્તન આવી શકે તેમ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે પોતાના સંબોધનમાં કહ્યુ હતું.

શિક્ષકોને એવોર્ડ અર્પણ કરતાં મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, શિક્ષક ક્યારેય નિવૃત્ત થતો નથી, તેની અંદરનું શિક્ષકત્વ સતત જાગૃત રહે છે.

**RNU અમદાવાદ**

--------------------------------------------------------------------------------

## રાજ્યમાં તમાકુ પ્રતિબંધ લંબાવાયો

રાજ્યમાં ગુટકા તેમજ તમાકુ કે નિકોટીનયુક્ત પાન મસાલાના વેચાણ, સંગ્રહ અને વિતરણ પરનો પ્રતિબંધ વધુ એક વર્ષ માટે લંબાવાયો છે.. રાજ્યના નાગરિકોનું સ્વાસ્થ્ય વધુ સુદ્રઢ બને તે માટે આ પ્રતિબંધ આગામી ૧૩ સપ્ટેમ્બર,૨૦૨૪થી વધુ એક વર્ષ સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે, તેમ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા જણાવાયું છે.

**RNU અમદાવાદ**

------------------------------------------------------------------------

## વરસાદથી પ્રભાવિત માંડવીમાં સહાય

બંદરીય શહેર માંડવીમાં અતિ ભારે વરસાદ થવાના પગલે પ્રભાવિત વિસ્તારોમાં લોકોના ઘરોમાં પાણી પ્રવેશ કરતા ઘર વખરીને નુકશાની પહોંચી હતી. જેનાં માટે અત્યાર સુધીમાં 1 હજાર 680 પરિવારોને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર - ડીબીટીના માધ્યમથી 42 લાખની સહાય પેકેજ રૂપે ચૂકવાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં 374 પશુ મરણ માટે 23 લાખ 46 હજારની સહાય આપવામાં આવી છે.

નુક્સાનીના સરવે માટે પાંચ ટીમની રચના કરવામાં આવી છે. અને સરવે હજુ ચાલુ છે. મામલતદાર કચેરી ખાતે વિવિધ સંસ્થા દ્વારા 16 હજાર 260 ફૂડ પેકેટ અને પાણી 5 હજાર બોટલ આપવામાં આવી હતી. જેનું નગરપાલિકા દ્વારા જરૂરીયાત વાળા વિસ્તારોમાં વિતરણ કરાયું હતું.

**અસરફ નથવાણી**

------------------------------------------------------------------------

## કચ્છ યુનિવર્સિટી ડીનની નિયુક્તિ

ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી દ્વારા પાંચ વર્ષની સમયાવધિ માટે વિવિધ પ્રાધ્યાપકોની જુદી-જુદી વિદ્યાશાખાઓમાં ડીન પદે નિયુક્તિ કરાઈ છે.

આ નિમણૂક અંગેના જાહેરનામામાં જણાવાયા મુજબ, ફેકલ્ટી ઓફ આર્ટસના ડીન પ્રો. ડો. કલ્પના સતીજા, ફેકલ્ટી ઓફ કોમર્સના ડીન પ્રો. ડો. વિજય વ્યાસ, વિજ્ઞાન

શાખાના ડીન પ્રો. ડો. સુભાષ ભંડારી, ફેકલ્ટી ઓફ એજ્યુકેશનના ડીન પ્રો. ડો. ડી.એમ. બકરાણિયાની નિમણૂક કરાઈ છે. જયારે, ડો. નરેન્દ્ર હીરાણીને ફેકલ્ટી ઓફ મેડિસીનના કાર્યકારી ડીન, ડો. જયદીપસિંહ ગોહીલને ફેકલ્ટી ઓફ લોના કાર્યકારી ડીન અને પ્રો. ડો. કાશ્મીરા મહેતાને ફેકલ્ટી ઓફ વોકેશનલ સ્ટડિઝના કાર્યકારી ડીન તરીકે નિયુક્ત કરાયા છે. નિમણૂક પામેલા પ્રાધ્યાપકો વર્ષ 2029 સુધી અથવા નવો આદેશ ન આવે ત્યાં સુધી પદભાર સંભાળશે.

**અસરફ નથવાણી**

---

# ITI રાપર

આઈ.ટી.આઈ રાપરમાં ફીટર, વેલ્ડર અને વાયરમેન બેઠક પર વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવવા માટે ઈચ્છુક ઉમેદવારો હવે આગામી તા. 30મી સપ્ટેમ્બર સુધી પ્રવેશ મેળવી શકાશે. આ માટે Itidmission.gujarat.gov.in પર ઓનલાઈન ફોર્મ અથવા સંસ્થાનો રૂબરૂ સંપર્ક કરવા એક યાદીમાં જણાવાયું છે.

**અસરફ નથવાણી**

---

# શાળાકીય રમતોત્સવ

જિલ્લાનો શાળાકીય રમતોત્સવ આજથી યોજાશે. જિલ્લા રમત-ગમત અધિકારીની કચેરી દ્વારા જણાવાયા મુજબ રાજય સરકારના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ શાળાકીય રમતોત્સવનું આયોજન કરાયું છએ. જે અંતર્ગત ભારે વરસાદના કારણે મોકૂફ રખાયેલ રમતો આજથી યોજાશે.

**અસરફ નથવાણી**

---